1. અસમાન જાતિ પ્રમાણનાં કારણો સમજાવો. (March 18)

- અસમાન જાતિપ્રમાણની સમસ્યા એ વર્તમાન ભારતની એક અગત્યની વસ્તીવિષયક સામાજિક સમસ્યા છે. અસમાન જાતિ પ્રમાણ સમસ્યાનાં કારણો નીચે પ્રમાણે છે :
- 1. પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થા : ભારતના મોટા ભાગના બધા સમાજમાં પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થા છે. સત્તા અને તાબેદારીના સંબંધો પર રચાયેલી આ કુટુંબવ્યવસ્થામાં મહિલા કરતાં પુરુષનો દરજ્જો ઊંચો હોય છે. પુરુષ પાસે પરિવારનો વંશવેલો આગળ વધારવાની મિલકતનો વારસદાર નક્કી કરવાની વગેરે અંગેના નિર્ણયો લેવાની સત્તા છે. કૌટુંબિક નિર્ણયો તેની ઇચ્છા અનુસાર લેવાય છે. પરિણામે પરિવારમાં મહિલા કરતાં પુરુષનો પ્રભાવ વધુ હોય છે. બાળકને જન્મ આપવો કે નહિ તે બાબતના નિર્ણયમાં પણ પત્ની તરીકે મહિલાના નિર્ણયનું કોઈ મહત્ત્વ હોતું નથી. આથી આ પ્રકારની કુટુંબવ્યવસ્થા અસમાન જાતિપ્રમાણમાં મહત્ત્વની પુરવાર થાય છે
- 2. લિંગભેદ : સમાજમાં લિંગભેદ અંગે સમાન નહિ, પરંતુ બેવડાં ધોરણે જોવા મળે છે સમાજશાસ્ત્રી પેકીનના અભ્યાસ મુજબ, ‘‘મહિલા અને પુરુષમાં જોવા મળતા તફાવતો માટે જન્મગત જૈવિક લાક્ષણિકતાઓ જવાબદાર છે.’’ મહિલા અને પુરુષની જન્મગત ભૂમિકામાં તફાવત એ તેની સૌથી મોટી સમસ્યા છે. સમાજજીવનનાં તમામ ક્ષેત્રો પુરુષ અને મહિલાના લિગભેદ વગર બંને માટે સમાન રીતે ખુલ્લાં રહેવા જોઈએ. જેને જે ક્ષેત્ર અનુકુળ લાગે તેનો તેને વિકાસ સાધવાની તક મળવી જોઈએ. ડૉ. નીરા દેસાઈના અભ્યાસ અનુસાર, ‘‘લિંગભેદના કારણે મહિલાઓ અને પુરુષોના કાર્યમાં ભેદભાવભર્યું વર્તન જોવા મળે છે.’’ પ્રખ્યાત વિદ્વાન સિવાડના મતે, ‘‘મહિલા અને પુરુષનાં શક્તિ, રસ અને અભિરુચિના તફાવતોને તેમના જૈવિક તફાવતો સાથે કોઈ સંબંધ નથી.’’ આમ, લિંગભેદ જૈવિક છે. આ જૈવિક અસમાનતા અસમતુલિત જાતિપ્રમાણની સમસ્યા સર્જે છે.
- 3. મહિલા ભૃણહત્યા : અસમાન જાતિપ્રમાણની સમસ્યાનું મુખ્ય કારણ મહિલા ભૃણહત્યા છે. ભારતીય કુટુંબવ્યવસ્થામાં પુત્રીના જન્મની સરખામણીમાં પુત્રના જન્મને ખૂબ મહત્ત્વ આપવામાં આવે છે. ભારતીય પિસત્તાક કુટુંબવ્યવસ્થામાં ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક કારણોસર પુત્રજન્મનું મહત્ત્વ વધતું ગયું હોવાથી પુત્રપ્રાપ્તિની ઘેલછા પણ વધતી જાય છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીની મદદથી ગર્ભમાં રહેલા બાળકનું સોનોગ્રાફીની મદદથી જાતીય પરીક્ષણ શક્ય બન્યું છે. ગર્ભમાં રહેલું બાળક જો કન્યા હોવાનું માલુમ પડે, તો ગર્ભપાત દ્વારા કન્યા ભૃણહત્યા કરવામાં આવે છે. જોકે વર્તમાન કાયદાઓ અનુસાર ગર્ભમાં રહેલા બાળકનું જાતીય પરીક્ષણ કરાવવું એ ગુનો છે. આધુનીકરણની આ નવી પદ્ધતિના કારણે મહિલાઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.
- 4. સામાજિક પરંપરાઓ અને કુપ્રથાઓ : અસમાન જાતિ પ્રમાણ માટે સમાજની પરંપરાઓ, કુપ્રથાઓ અને કુરિવાજો જવાબદાર છે. બાળલગ્ન, દહેજપ્રથા, સતીપ્રથા, દેવદાસીપ્રથા, વિધવા પુનર્લગ્ન નિષેધ વગેરે અનેક પરંપરાનો અને કુપ્રથાઓએ મહિલાઓના અસ્તિત્વ સામે અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. સમાજમાં પ્રવર્તતી કેટલીક કહેવતો પણ સામાજિક પરંપરાઓ અને કુપ્રથાઓની સાક્ષી પૂરે છે. દા. ત., ‘દીકરી સાપનો ભારો’ વગેરે. ષ્સમાજના આ કુરિવાજોના કારણે કન્યાઓને સૌથી વધુ સહન કરવાનું આવે છે. આથી કન્યાના જન્મને આવકારદાયક ગણવામાં આવતો નથી. આમ, સમાજની કુપ્રથાઓ અને કુરિવાજો અસમાન જાતિપ્રમાણની સમસ્યાનું નિર્માણ કરે છે.
- 5. પરિવારની આર્થિક સ્થિતિ : વર્તમાન સમયની ગરીબી. બેકારી, મોંઘવારી વગેરે આર્થિક પરિબળો ગરીબ, મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગને બાળકોના ઉછેરમાં અવરોધરૂપ સાબિત થાય છે. બાળકના જન્મથી શરૂ કરીને તે

જ્યાં સુધી આર્થિક રીતે પગભર ન થાય ત્યાં સુધીની બધી જવાબદારી માતાપિતાએનિભાવવાની હોય છે. સમાજમાં સંયુક્ત કુટુંબપ્રથાના સ્થાને વિભક્ત કુટુંબપ્રથા પ્રચલિત બનતી જાય છે. આ સંજોગોમાં પુત્રજન્મની આશામાં કુટુંબમાં બાળકોની સંખ્યા વધે છે, જે પરિવારની આર્થિક સ્થિતિને કફોડી બનાવે છે. આ બધાં કારણોના લીધે કન્યા ભૃણહત્યાના બનાવોનું પ્રમાણ વધ્યું છે. પરિવારની નબળી આર્થિક સ્થિતિ દંપતીને પરિવારમાં માત્ર એક કે બે બાળક હોય તે વધુ ઇચ્છવા યોગ્ય લાગે છે. આમ, પરિવારની આર્થિક સ્થિતિ પરોક્ષ રીતે અસમાન જાતિપ્રમાણ માટે જવાબદાર છે.

- 6. મહિલાઓનાં અપમૃત્યુઃ જીવવિજ્ઞાનની દષ્ટિએ મહિલાઓ પુરુષો કરતાં વધુ મજબૂત હોવાથી તેઓનું આયુષ્ય પુરુષો કરતાં વધુ હોય છે, પરંતુ ખામીભર્યું સામાજિક વાતાવરણ મહિલાઓને અપમૃત્યુ તરફ લઈ જાય છે.
- ★ ભારતમાં મહિલાઓનાં અપમૃત્યુ પાછળનું સૌથી મોટું અને મહત્ત્વનું જવાબદાર પરિબળ ‘દહેજપ્રથા’ છે. સાસરીપક્ષના સભ્યો દ્વારા દહેજ માંગવાના ત્રાસના કારણે મહિલા આત્મહત્યાનું પગલું ભરે છે. અથવા સાસરિયાઓ દ્વારા દહેજના કારણે મહિલાની હત્યા કરવામાં આવે છે. ભારતમાં 2012માં 18,233 મહિલાઓના મૃત્યુ દહેજપ્રથાના કારણે થયા હતા.
- આમ, ભારતમાં દર 90 મિનિટે એક મહિલા દહેજના કારણે મૃત્યુ પામે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ‘ઑનર કિલિંગ’ના કારણે મહિલાઓના મૃત્યુ થયા છે. મહિલા દ્વારા થયેલા કોઈ કાર્ય કે પ્રવૃત્તિના કારણે સમગ્ર પરિવારને પોતાનું ગૌરવ હણાયું હોય અથવા શરમજનક પરિસ્થિતિમાં મુકાવું પડ્યું હોય તેવું અનુભવાય ત્યારે પરિવારના સભ્યો દ્વારા જ તે મહિલાની હત્યા કરવામાં આવે છે, આને ‘ઑનર કિલિંગ’ કહે છે. પરિવારના સભ્યોની મરજી વિરુદ્ધનાં મહિલાનાં લગ્ન, પ્રેમસંબંધ કે બળાત્કારની ઘટનાઓના કારણે ‘ઑનર કિલિંગ’ના બનાવો વધ્યા છે. ભારતમાં પંજાબ, હરિયાણા, બિહાર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ઝારખંડ, હિમાચલ પ્રદેશ અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યોમાં ‘ઑનર કિલિંગ’ની ઘટનાઓ વધુ બને છે. આ કારણો ઉપરાંત છૂટાછેડા, કુંવારું માતૃત્વ, બળાકાર, સતત અસહ્ય અપમાન કે અવગણના, પરિવારના કે સાસરિયા તરફથી આપવામાં આવતો માનસિક કે શારીરિક ત્રાસ વગેરે કારણોના લીધે પણ મહિલાઓમાં અપમૃત્યુના પ્રમાણ વધ્યા છે. આમ, મહિલાઓનાં અપમૃત્યુના આ બધાં કારણો જાતિપ્રમાણનું અસમતુલન સર્જવામાં નિર્ણાયક બને છે.
- 7. સ્થળાંતર : નોકરી, ધંધો, મજૂરી, શિક્ષણ કે અન્ય કારણોસર એક સ્થળેથી બીજા સ્થળે થતું સ્થળાંતર જાતિપ્રમાણમાં અસમાનતા સર્જવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. વ્યક્તિ પોતાનો પ્રદેશ છોડી અન્ય પ્રદેશમાં જાય ત્યારે પોતાના પ્રદેશની વસ્તી અને સ્થળાંતરિત પ્રદેશની વસ્તી વચ્ચે તફાવત સર્જાય છે. આ તફાવત જેતે પ્રદેશના જાતિપ્રમાણમાં અસમતુલન પેદા કરે છે. ડૉ. કૌશિક શુક્લના અલંગ(જિ. ભાવનગર)માં આવેલા ‘શિપ બ્રેકિંગ યાર્ડના શ્રમિકોના એક અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે, “યાર્ડના કુલ શ્રમિકોમાંથી મોટા ભાગના શ્રમિકો પરપ્રાંતીય (ગુજરાત રાજ્ય સિવાયના) પુરુષો જ હતા.” આર્થિક વિકાસ સાધવાના હેતુથી કરવામાં આવતું સ્થળાંતર અસમાન જાતિ પ્રમાણની સમસ્યા સર્જે છે.
- ભારતીય સમાજના પરંપરાગત શ્રમવિભાજનમાં પરષોએ આજીવિકા પ્રાપ્ત કરવાની અને મહિલાઓને ગૃહસંચાલન, પ્રજનન અને બાળ ઉછેરની જવાબદારી સ્વીકારવાની હોય છે. આજીવિકા પ્રાપ્ત કરવાના આશયથી પુરુષ એક સ્થળેથી બીજા કોઈ પણ સ્થળે આસાનીથી જઈ શકે છે, જ્યારે મહિલાઓ માટે આ બંધનકર્તા છે, ભારતમાં બહુ મોટી સંખ્યામાં ખેતમજૂરો એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં સ્થળાંતર કરે છે. જે સ્થળોએ વેપાર અને ઉદ્યોગોની સુવિધાઓ વધુ છે ત્યાં આજીવિકા માટે સ્થળાંતરિતોની સંખ્યા વધુ છે. આમ, એક

રાજ્યમાંથી બીજા રાજ્યમાં અને ભારતમાંથી વિદેશોમાં સ્થળાંતર વધુ થાય છે.સ્થળાંતરની આ પ્રક્રિયામાં પુરુષો સ્થળાંતર વધુ કરે છે અને મહિલાઓને મોટે ભાગે વતનમાં રહેવું પડે છે. આ કારણોના લીધે રાજ્યવાર લિંગપ્રમાણ જુદુ જોવા મળે છે.

2. ભારતમાં અસમાન જાતિપ્રમાણનાં નિર્માણમાં કઈ કઈ 'સામાજિક પરંપરાઓ અને કુપ્રથાઓ' ભાગ ભજવે છે? (March 19).

- અસમાન જાતિપ્રમાણની સમસ્યા એ વર્તમાન ભારતની એક અગત્યની વસ્તીવિષયક સામાજિક સમસ્યા છે. અસમાન જાતિપ્રમાણ સમસ્યાનાં કારણો નીચે પ્રમાણે છે :
- 1. પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થા : ભારતના મોટા ભાગના બધા સમાજમાં પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થા છે. સત્તા અને તાબેદારીના સંબંધો પર રચાયેલી આ કુટુંબવ્યવસ્થામાં મહિલા કરતાં પુરુષનો દરજ્જો ઊંચો હોય છે. પુરુષ પાસે પરિવારનો વંશવેલો આગળ વધારવાની મિલકતનો વારસદાર નક્કી કરવાની વગેરે અંગેના નિર્ણયો લેવાની સત્તા છે. કૌટુંબિક નિર્ણયો તેની ઇચ્છા અનુસાર લેવાય છે. પરિણામે પરિવારમાં મહિલા કરતાં પુરુષનો પ્રભાવ વધુ હોય છે. બાળકને જન્મ આપવો કે નહિ તે બાબતના નિર્ણયમાં પણ પત્ની તરીકે મહિલાના નિર્ણયનું કોઈ મહત્ત્વ હોતું નથી. આથી આ પ્રકારની કુટુંબવ્યવસ્થા અસમાન જાતિ પ્રમાણમાં મહત્ત્વની પુરવાર થાય છે
- 2. લિંગભેદ : સમાજમાં લિંગભેદ અંગે સમાન નહિ, પરંતુ બેવડાં ધોરણે જોવા મળે છે સમાજશાસ્ત્રી પેકીનના અભ્યાસ મુજબ, ''મહિલા અને પુરુષમાં જોવા મળતા તફાવતો માટે જન્મગત જૈવિક લાક્ષણિકતાઓ જવાબદાર છે.'' મહિલા અને પુરુષની જન્મગત ભૂમિકામાં તફાવત એ તેની સૌથી મોટી સમસ્યા છે. સમાજજીવનનાં તમામ ક્ષેત્રો પુરુષ અને મહિલાના લિગભેદ વગર બંને માટે સમાન રીતે ખુલ્લાં રહેવા જોઈએ. જેને જે ક્ષેત્ર અનુકુળ લાગે તેનો તેને વિકાસ સાધવાની તક મળવી જોઈએ. ડૉ. નીરા દેસાઈના અભ્યાસ અનુસાર, ''લિંગભેદના કારણે મહિલાઓ અને પુરુષોના કાર્યમાં ભેદભાવભર્યું વર્તન જોવા મળે છે.'' પ્રખ્યાત વિદ્વાન સિવાડના મતે, ''મહિલા અને પુરુષનાં શક્તિ, રસ અને અભિરુચિના તફાવતોને તેમના જૈવિક તફાવતો સાથે કોઈ સંબંધ નથી.'' આમ, લિંગભેદ જૈવિક છે. આ જૈવિક અસમાનતા અસમતુલિત જાતિપ્રમાણની સમસ્યા સર્જે છે.
- 3. મહિલા ભૃણહત્યા : અસમાન જાતિ પ્રમાણની સમસ્યાનું મુખ્ય કારણ મહિલા ભૃણહત્યા છે. ભારતીય કુટુંબવ્યવસ્થામાં પુત્રીના જન્મની સરખામણીમાં પુત્રના જન્મને ખૂબ મહત્ત્વ આપવામાં આવે છે. ભારતીય પિસત્તાક કુટુંબવ્યવસ્થામાં ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક કારણોસર પુત્રજન્મનું મહત્ત્વ વધતું ગયું હોવાથી પુત્રપ્રાપ્તિની ઘેલછા પણ વધતી જાય છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીની મદદથી ગર્ભમાં રહેલા બાળકનું સોનોગ્રાફીની મદદથી જાતીય પરીક્ષણ શક્ય બન્યું છે. ગર્ભમાં રહેલું બાળક જો કન્યા હોવાનું માલુમ પડે, તો ગર્ભપાત દ્વારા કન્યા ભૃણહત્યા કરવામાં આવે છે. જોકે વર્તમાન કાયદાઓ અનુસાર ગર્ભમાં રહેલા બાળકનું જાતીય પરીક્ષણ કરાવવું એ ગુનો છે. આધુનીકરણની આ નવી પદ્ધતિના કારણે મહિલાઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.
- 4. સામાજિક પરંપરાઓ અને કુપ્રથાઓ : અસમાન જાતિ પ્રમાણ માટે સમાજની પરંપરાઓ, કુપ્રથાઓ અને કુરિવાજો જવાબદાર છે. બાળલગ્ન, દહેજપ્રથા, સતીપ્રથા, દેવદાસીપ્રથા, વિધવા પુનર્લગ્ન નિષેધ વગેરે અનેક પરંપરાનો અને કુપ્રથાઓએ મહિલાઓના અસ્તિત્વ સામે અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. સમાજમાં પ્રવર્તતી કેટલીક કહેવતો પણ સામાજિક પરંપરાઓ અને કુપ્રથાઓની સાક્ષી પૂરે છે. દા. ત., 'દીકરી સાપનો

ભારો'વગેરે.સમાજના આ કુરિવાજોના કારણે કન્યાઓને સૌથી વધુ સહન  કરવાનું આવે છે. આથી કન્યાના જન્મને આવકારદાયક ગણવામાં આવતો નથી. આમ, સમાજની કુપ્રથાઓ અને કુરિવાજો અસમાન જાતિપ્રમાણની સમસ્યાનું નિર્માણ કરે છે.

- 5, પરિવારની આર્થિક સ્થિતિ : વર્તમાન સમયની ગરીબી, બેકારી, મોંઘવારી વગેરે આર્થિક પરિબળો ગરીબ, મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગને બાળકોના ઉછેરમાં અવરોધરૂપ સાબિત થાય બાળકના જન્મથી શરૂ કરીને તે જ્યાં સુધી આર્થિક રીતે પગભર ન થાય ત્યાં સુધીની બધી જવાબદારી માતાપિતાએ નિભાવવાની હોય છે.  સમાજમાં સંયુક્ત કુટુંબપ્રથાના સ્થાને વિભક્ત કુટુંબપ્રથા પ્રચલિત બનતી જાય છે. આ સંજોગોમાં પુત્રજન્મની આશામાં કુટુંબમાં બાળકોની સંખ્યા વધે છે, જે પરિવારની આર્થિક સ્થિતિને કફોડી બનાવે છે. આ બધાં કારણોના લીધે કન્યા ભૃણહત્યાના બનાવોનું પ્રમાણ વધ્યું છે.  પરિવારની નબળી આર્થિક સ્થિતિ દંપતીને પરિવારમાં માત્ર એક કે બે બાળક હોય તે વધુ ઇચ્છવા યોગ્ય લાગે છે.  આમ, પરિવારની આર્થિક સ્થિતિ પરોક્ષ રીતે અસમાન જાતિપ્રમાણ માટે જવાબદાર છે.
- 6. મહિલાઓનાં અપમૃત્યુઃ જીવવિજ્ઞાનની દષ્ટિએ મહિલાઓ પુરુષો કરતાં વધુ મજબૂત હોવાથી તેઓનુંઆયુષ્ય પુરુષો કરતાં વધુ હોય છે, પરંતુ ખામીભર્યું સામાજિક વાતાવરણ મહિલાઓને અપમૃત્યુ તરફ લઈ જાય છે.
- ★ ભારતમાં મહિલાઓનાં અપમૃત્યુ પાછળનું સૌથી મોટું અને મહત્ત્વનું જવાબદાર પરિબળ 'દહેજપ્રથા' છે. સાસરીપક્ષના સભ્યો દ્વારા દહેજ માંગવાના ત્રાસના કારણે મહિલા આત્મહત્યાનું પગલું ભરે છે. અથવા સાસરિયાઓ દ્વારા દહેજના કારણે મહિલાની હત્યા કરવામાં આવે છે. ભારતમાં 2012માં 18,233 મહિલાઓના મૃત્યુ દહેજપ્રથાના કારણે થયા હતા. આમ, ભારતમાં દર 90 મિનિટે એક મહિલા દહેજના કારણે મૃત્યુ પામે છે.  છેલ્લાં કેટલાંક વર્ષોમાં 'ઑનર કિલિંગ'ના કારણે મહિલાઓના મૃત્યુ થયા છે.  મહિલા દ્વારા થયેલા કોઈ કાર્ય કે પ્રવૃત્તિના કારણે સમગ્ર પરિવારને પોતાનું ગૌરવ હણાયું હોય અથવા શરમજનક પરિસ્થિતિમાં મુકાવું પડ્યું હોય તેવું અનુભવાય ત્યારે પરિવારના સભ્યો દ્વારા જ તે મહિલાની હત્યા કરવામાં આવે છે, આને 'ઑનર કિલિંગ' કહે છે. પરિવારના સભ્યોની મરજી વિરુદ્ધમાં મહિલાનાં લગ્ન, પ્રેમસંબંધ કે બળાત્કારની ઘટનાઓના કારણે 'ઑનર કિલિંગ'ના બનાવો વધ્યા છે. ભારતમાં પંજાબ, હરિયાણા, બિહાર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ઝારખંડ, હિમાચલ પ્રદેશ અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યોમાં 'ઑનર કિલિંગ'ની ઘટનાઓ વધુ બને છે. આ કારણો ઉપરાંત છૂટાછેડા, કુંવારું માતૃત્વ, બળાકાર, સતત અસહ્ય અપમાન કે અવગણના, પરિવારના કે સાસરિયા તરફથી આપવામાં આવતો માનસિક કે શારીરિક ત્રાસ વગેરે કારણોના લીધે પણ મહિલાઓમાં અપમૃત્યુના પ્રમાણ વધ્યા છે. આમ, મહિલાઓનાં અપમૃત્યુના આ બધાં કારણો જાતિપ્રમાણનું અસમતુલન સર્જવામાં નિર્ણાયક બને છે.
- 7. સ્થળાંતર : નોકરી, ધંધો, મજૂરી, શિક્ષણ કે અન્ય કારણોસર એક સ્થળેથી બીજા સ્થળે થતું સ્થળાંતર જાતિપ્રમાણમાં અસમાનતા સર્જવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. વ્યક્તિ પોતાનો પ્રદેશ છોડી અન્ય પ્રદેશમાં જાય ત્યારે પોતાના પ્રદેશની વસ્તી અને સ્થળાંતરિત પ્રદેશની વસ્તી વચ્ચે તફાવત સર્જાય છે. આ તફાવત જેતે પ્રદેશના જાતિપ્રમાણમાં અસમતુલન પેદા કરે છે.  ડૉ. કૌશિક શુક્લના અલંગ(જિ. ભાવનગર)માં આવેલા 'શિપ બ્રેકિંગ યાર્ડના શ્રમિકોના એક અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે, "યાર્ડના કુલ શ્રમિકોમાંથી મોટા ભાગના શ્રમિકો પરપ્રાંતીય (ગુજરાત રાજ્ય સિવાયના) પુરુષો જ હતા."  આર્થિક વિકાસ સાધવાના હેતુથી કરવામાં આવતું સ્થળાંતર અસમાન જાતિપ્રમાણની સમસ્યા સર્જે છે.  ભારતીય સમાજના પરંપરાગત શ્રમવિભાજનમાં પરષોએ

આજીવિકા પ્રાપ્ત કરવાની અને મહિલાઓને ગૃહસંચાલન, પ્રજનન અને બાળ ઉછેરની જવાબદારી સ્વીકારવાની હોય છે. આજીવિકા પ્રાપ્ત કરવાના આશયથી પુરુષ એક સ્થળેથી બીજા કોઈ પણ સ્થળે આસાનીથી જઈ શકે છે, જ્યારે મહિલાઓ માટે આ બંધનકર્તા છે, ભારતમાં બહુ મોટી સંખ્યામાં ખેતમજૂરો એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં સ્થળાંતર કરે છે. જે સ્થળોએ વેપાર અને ઉદ્યોગોની સુવિધાઓ વધુ છે ત્યાં આજીવિકા માટે સ્થળાંતરિતોની સંખ્યા વધુ છે. આમ, એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં અને ભારતમાંથી વિદેશોમાં સ્થળાંતર વધુ થાય છે.

સ્થળાંતરની આ પ્રક્રિયામાં પુરુષો સ્થળાંતર વધુ કરે છે અને મહિલાઓને મોટે ભાગે વતનમાં રહેવું પડે છે. આ કારણોના લીધે રાજ્યવાર લિંગપ્રમાણ જુદુ જોવા મળે છે.

3. અસમાન જાતિ પ્રમાણની સમસ્યાની વિપરીત અસરો વર્ણવો.

- ભારતમાં પુરુષોની સરખામણીમાં મહિલાઓનું ઘટતું જતું પ્રમાણ અનેક સામાજિક સમસ્યાઓ પેદા કરે છે. સામાજિક રચનાતંત્રમાં પુરુષ અને મહિલાની ભૂમિકા એકસમાન છે. સમાજના સામાજિક, ધાર્મિક, આર્થિક, કૌટુંબિક, શૈક્ષણિક વગેરેના વિકાસમાં પુરુષની સાથે મહિલાનું યોગદાન પણ મહત્ત્વનું છે. હું સમસ્યા મહિલા બાળકને જન્મ આપીને અને તેનો ઉછેર કરીને પરિવારના વારસાનું સાતત્ય જાળવી રાખે છે. મહિલાઓનું ઘટતું જતું પ્રમાણ સામાજિક સાતત્યની જાળવણીમાં અવરોધક બને છે.
- મહિલા અને પુરુષનું અસમાન જાતિપ્રમાણ લગ્નસંસ્થા પર વિપરીત અસર નિપજાવે છે. સમાજમાં પુરુષો કરતાં મહિલાઓની સંખ્યા ઓછી હોવાના કારણે અપરિણીતોની સંખ્યા વધતાં સમાજમાં ફરજિયાત કુંવારાપણું વધે છે. જ્યાં સુધી પુત્રના લગ્ન ના થાય ત્યાં સુધી માતાપિતાએ તણાવયુક્ત સ્થિતિમાં જીવવું પડે છે. સમાજમાં મહિલાઓની સંખ્યા ઓછી હોવાના કારણે કન્યાવિક્રય થાય છે.
- પુરુષોએ લગ્ન માટે મહિલાઓની ઊંચી કિંમત આપવી પડે છે. જેમની પાસે વધુ ધન કે સંપત્તિ હોય તે વ્યક્તિઓ ઊંચી કિંમત આપીને લગ્ન કરી શકે છે. જ્યારે ગરીબ અને મધ્યમ વર્ગનાં યુવાનોનાં લગ્નનો પ્રશ્ન જટિલ બને છે. કેટલીક વાર ઊંચી લાયકાત ધરાવતી મહિલાને પોતાનાથી નિમ્ન લાયકાત ધરાવતા પુરુષ સાથે અથવા ઉચ્ચ લાયકાત ધરાવનાર પુરુષને પોતાનાથી નિમ્ન લાયકાત ધરાવનાર મહિલા સાથે લગ્ન કરવાની ફરજ પડે છે. જે સમૂહમાં પોતાના જ સમૂહમાં લગ્ન કરવાનો રિવાજ છે તેવા સમૂહમાં બાળપણથી જ છોકરા માટે કન્યા શોધવી પડે છે અને તેના બદલામાં કન્યા પક્ષના કુટુંબમાં પોતાના કુટુંબની જ કોઈ કન્યાને લગ્ન માટે આપવી પડે છે. આમ, નાછુટકે સાટા પદ્ધતિ અપનાવવી પડે છે.
- આમ, અસમતુલિત જાતિપ્રમાણના કારણે સમાજમાં કજોડાં લગ્નની સ્થિતિ નિર્માણ થાય છે. સમાજમાં પુરુષોની સરખામણીમાં મહિલાઓની સંખ્યા ઓછી હોવાને કારણે મહિલાઓ પર અત્યાચારો વધે છે. ભારતના જુદા જુદા રાજ્યોમાં બનતા મશ્કરી, છેડતી, જાતીય સતામણી, બળાત્કાર વગેરેના બનાવો આ બાબતની સાક્ષી પૂરે છે. અસમાન જાતિ પ્રમાણ સમાજમાં 'ગે' અને 'લેસ્બિયન' જેવા સજાતીય સંબંધો તથા વેશ્યાવૃત્તિને પ્રોત્સાહન આપે છે. જાતીય અને એઈસના રોગના દર્દીઓની સંખ્યામાં થયેલા વધારા પાછળ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અસમાન જાતિ પ્રમાણ જવાબદાર છે.

4. અસમાન જાતિપ્રમાણની સમસ્યાને અટકાવી શકાય છે.સમજાવો.

- અસમાન જાતિપ્રમાણની સમસ્યાને હળવી કરવા માટે મહિલાઓ પ્રત્યેની માન્યતાઓ અને મૂલ્યોમાં પરિવર્તન લાવવું આવશ્યક છે. અસમાન જાતિ પ્રમાણની સમસ્યાને હળવી કરવા માટે સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ, બૌદ્ધિકો, સમાજચિંતકો, ધાર્મિક નેતાઓ, લોકસેવકો વગેરેએ સહિયારો પ્રયત્ન કરવો જોઈએ. અસમાન જાતિપ્રમાણની સમસ્યાને અટકાવવા માટેના કેટલાક ઉપાયો નીચે પ્રમાણે છે :
- કન્યાજન્મને પ્રોત્સાહન મળે તે પ્રમાણેની નીતિઓ ઘડવી જોઈએ. મહિલા અને પુરુષને બંધારણની અને કાનૂની દૃષ્ટિએ સમાન છેક મળે છે, પરંતુ વાસ્તવિક સમાજજીવનમાં બંનેને એકસમાન હક મળે અને સરખું મહત્ત્વ એ કાય તે માટે જરૂરી પગલાં લેવાં જોઈએ.
- ★ જે પરિવારમાં સંતાનોમાં માત્ર એક દીકરી જ હોય તેવાં પરિવારના સભ્યોએ અન્ય પરિવારના સભ્યોને દીકરીના જન્મ માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. મહિલાઓએ પોતાના અસ્તિત્વ માટે જાગ્રત અને સંગઠિત થઈ સમાજમાં લોકજાગૃતિ કેળવવા પ્રયત્નો કરવા જોઈએ. સમૂહસંચાર માધ્યમોએ અસમાન જાતિ પ્રમાણની સમસ્યા અંગે કાર્યક્રમો રજૂ કરી લોકજાગૃતિ લાવવી જોઈએ.
- દીકરા અને દીકરીના સામાજીકરણમાં સમાનતાના મૂલ્યો આત્મસાત્ થાય તે માટેના પ્રયત્નો કરવા જોઈએ. કન્યા ભ્રૂણહત્યા અટકાવવી જોઈએ. ગર્ભપરીક્ષણ કાયદાઓનું ચુસ્તપણે પાલન કરાવવું જોઈએ. સમાજના યુવાનોને અસમાન જાતિપ્રમાણની ગંભીર અસરોથી માહિતગાર કરવા જોઈએ.
- આ માટે શાળા અને મહાશાળાઓમાં સેમિનાર, કૉન્ફરન્સ અને ચર્ચાસભાઓનું આયોજન કરવું જોઈએ. અસમાન જાતિ પ્રમાણની સમસ્યાને અટકાવવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓએ રચનાત્મક ભૂમિકાઓ ભજવવી જોઈએ. સમાજના કુરિવાજો, કુપ્રથાઓ અને કુરીતિઓમાં પરિવર્તન આવે તેવા પ્રયત્નો કરવા જોઈએ. દહેજ પ્રતિબંધક કાયદાનો ચુસ્તપણે અમલ થાય તે માટે આયોજન કરવું જોઈએ.

5. એઇડ્સ નિયંત્રણ કઈ રીતે કરી શકાય? સ્પષ્ટ કરો. (July 18)

- જો એઇટ્સની સમસ્યાને નિયંત્રિત કરવામાં ન આવે, તો તેના કારણે અનેક સામાજિક પ્રશ્નો ઊભા થાય છે. એઇટ્સને દૂર કરવાની કે નાબૂદ કરવાની કોઈ દવા કે રસી આજ સુધી શોધાઈ નથી. આથી તેને નિયંત્રિત કરવાનું કાર્ય ખૂબ મુશ્કેલ છે. આ પરિસ્થિતિમાં એઇડ્રેસને ફેલાતો અટકાવવો એ જ માત્ર તેનો શ્રેષ્ઠ ઉપાય છે. લોકોમાં એઇસ અંગે વૈજ્ઞાનિક જાગૃતિ કેળવાય અને એઇટ્સ થવાનું જોખમ ઘટે તેવાં પગલાં જ એઇક્સને ફેલાતો અટકાવે છે. એઇસને ફેલાતો અટકાવવા માટેની કેટલીક અસરકારક બાબતો નીચે પ્રમાણે છે :એઇટ્સ થવા પાછળનું મહત્ત્વનું કારણ અસલામત જાતીય સંબંધ છે.
- આમ, સલામત જાતીય સંબંધ એઇમને ફેલાતો અટકાવે છે. ★ એક જ વફાદાર સાથી સાથેનો જાતીય સંબંધ અને જાતીય સંબંધ દરમિયાન નિરોધનો ઉપયોગ એઇટ્સને અટકાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. એચઆઈવીનો ચેપ ધરાવતી વ્યક્તિના રક્તથી અન્ય વ્યક્તિને એચઆઈવીનો ચેપ લાગી શકે છે. આથી જ્યારે લોહીની આવશ્યકતા ઊભી થાય ત્યારે એચઆઈવીનું પરીક્ષણ કરેલ બિનચેપી રક્ત લેવાનો જ આગ્રહ રાખવો. એચઆઈવીના દર્દી માટે ઉપયોગમાં લેવામાં આવેલા ઇંજેકશન સિરિંજ, સોય કે અન્ય તબીબી સાધનો તંદુરસ્ત વ્યક્તિની સાર, માટે ઉપયોગમાં લેવા નહી .

- રસીકરણના કાર્યક્રમોમાં અથવા દાક્તરી તપાસ દરમિયાન જેમ તબીબી સાધનોનો જ ઉપયોગ કરવો. સમૂહસંચાર માધ્યમો અને સંપર્ક માધ્યમો દ્વારા એચઆઈવી એઇડસ ગ અંગેની લોકજાગતિ અને સામાજિક જાગૃતિ કેળવવી.
- ● દર વર્ષે 1 ડિસેમ્બરના રોજ 'વિશ્વ એઇડ્રેસ દિન' ઉજવવામાં આવે છે. આ દિવસે લોકજાગૃતિ માટે સૌથી વધુ પ્રયત્નો કરવા. એચઆઈવીનું નિયંત્રણ થાય તેવી દવા કે રસી શોધવા માટેના વૈજ્ઞાનિક સંશોધનો કરવાં. એઇડ્ફસને નિયંત્રિત કરવા માટેની સરકારની નીચેની કામગીરી પ્રશસનીય છે
- (1) ભારત સરકાર દ્વારા શરૂ થયેલ 'નેશનલ એઈડ્રિસ કોલ પ્રોગ્રામ', (2) ઈ. સ. 1992માં સ્થાપવામાં આવેલ 'નેશનલ એઇડસ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશન  નાકો' (National Aids Control Organisation NACO), (3) વિશ્વબેંક્રની યોજનાના ભાગરૂપે ભારત સરકારની મદદથી ચાલતી રાજ્ય સરકારોની 'એઇડ્યું નિયંત્રણ યોજનાઓ', (4) રાજ્યકક્ષાની એઇડ્રસ નિયંત્રણ સોસાયટી, અને (5) રાજ્ય સરકારનાં દવાખાનાંઓમાં શરૂ કરવામાં આવેલા એઇડ્રેસને લગતાં ચિકિત્સા કેન્દ્રો.ઉપરોક્ત કામગીરીના કારણે એ ઇગ્નને ફેલાતો અટકાવવામાં ઘણી સફળતા મળી છે.

6. નશીલાં દ્રવ્યોના વ્યસનની સમસ્યાની સમજૂતી આપો.

- દુનિયાના દરેક સમાજના માનવીની જીવનશૈલીનું અધ્યયન કરતાં જણાય છે કે દરેક સમાજમાં, દરેક યુગે લોકો એવા દ્રવ્યોનો ઉપયોગ કરતા હતા કે જેનાથી નિરાશા, હતાશા અને માનસિક તણાવનું પ્રમાણ ઘટે.  જે દ્રવ્યોનું સેવન કરવાથી કોઈ આફ્લાદક આનંદ અનુભવાતો હોય તેમજ જેનાથી સુખદુઃખની અનુભૂતિમાં વધારો કે ઘટાડો થતો હોય તેવા દ્રવ્યોનું સેવન માનવી કરતો.  આ દ્રવ્યોનાં સેવન કરવાથી જે માનસિક અનુભૂતિ થાય છે એમાંથી નીચે મુજબના પાંચ પ્રકારના મનોઔષધીય પ્રભાવ ઉત્પન્ન થાય છે. વ્યક્તિ આ પ્રભાવ મેળવવા માટે દ્રવ્યોનું સેવન કરે છે.
- પાંચ પ્રકારના મનોઔષધીય પ્રભાવ નીચે પ્રમાણે છે : (1) પીડામાંથી મુક્તિ (2) અનિચ્છનીય તથા કષ્ટ આપનારી ક્રિયાઓ અને ભાવનાઓ જેવી કે ચિંતા, અધીરાઈ, ઉત્તેજના, થાક વગેરેમાં ઘટાડો (3) શરીરમાં શક્તિ તથા માં વૃદ્ધિ તથા નિરાશા અને ઉંઘ ન ખાવવાની સ્થિતિને દૂર કરવી (4) નવી ચેતના તથા અનુભૂતિની પ્રાપ્તિ માટે (5) માથા પરથી કામનું ભારણ હળવું કરવા તથા 12મેશાં માટે પ્રસનતાની ભાવનાને કા શદ્ધ કરવા ઉપર જણાવેલા ભ્રામક પ્રભાવથી પ્રભાવિત થઈ યુવાનો નશીલાં દ્રવ્યોનું સેવન કરે છે,  ઈ. સ. 1925 પહેલા નશીલાં દ્રવ્યોના સેવન માટે કોઈ પ્રતિબંધ ન હતો ઈસ1925માં સંયુક્ત રાષ્ટ્રસંઘ'ના 'જિનીવા 5મ્સ કન્વેશન'માં નશીલાં દ્રવ્યોના વ્યસનના ખરાબ પરિણામો અંગે વિચાર કરવામાં આવ્યો હતો.
- રાષ્ટ્રસંઘે પોતાના સભ્ય દેશોને નશીલાં દ્રવ્યોના વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ નાખવાનું સૂચન કર્યું હતું. સંયુક્ત રાષ્ટ્રસંઘની 'વિશ્વ આરોગ્ય સંસ્થા'એ નશીલાં દ્રવ્યોનાં વ્યસનની વિશ્વવ્યાપી સમસ્યાને નિયંત્રિત કરવા માટે અભિયાન ચલાવ્યું હતું.  આ અભિયાનની ફલશ્રુતિ રૂપે વિકાના તમામ દેશોમાં નશીલાં દ્રવ્યોના વ્યસનને એક સામાજિક સમસ્યા તરીકે જોવામાં આવે છે અને આસમસ્યાના નિયંત્રણ અને નિવારણ માટે પ્રયત્ન કરવામાં આવે છે.

7. નશીલાં દ્રવ્યોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકતા કાયદાઓની સમજૂતી આપો.

- નશીલાં દ્રવ્યોના વ્યસનની સમસ્યાને અટકાવવા માટે કેટલાક મહત્ત્વના કાયદાઓ ઘડવામાં આવ્યા છે, જે નીચે પ્રમાણે છે :
- 1, ડેન્જરસ ડ્રગ્સ ઍક્ટ 1930 : આ કાયદામાં નશીલાં દ્રવ્યોની તમામ શૃંખલા પર નિયંત્રણો મૂકવા માટેની વિસ્તૃત કાનૂની જોગવાઈઓ હતી.
- 2. બૉમ્બે પ્રોહિબિશન એક્ટ1949 : આ કાયદાની કેટલીક જોગવાઈઓ મુજબ દારૂના ઉત્પાદન પર, દારૂ ગાળવાની ભઠ્ઠી બનાવવા પર, દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. આ કાયદા મુજબ નશો પેદા કરતાં દ્રવ્યોની આયાત, નિકાસ, હેરાફેરી, વેચાણ, ઉત્પાદન વગેરે પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. આ કાયદા મુજબ તાડી, અફીણ, ચરસ વગેરેના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.
- 3. સિંગલ કન્વેન્શન ઍક્ટ 1961: આ કાયદાની જોગવાઈઓ મુજબ તબીબી અને વૈજ્ઞાનિક ઉપયોગ માટે ખસખસના છોડનું વાવેતર અને અફીણના ઉત્પાદનના ક્ષેત્રે કડક નિયંત્રણો લાદવામાં આવ્યાં.
- 4. ધ ઓપિયમ ઍક્ટ 1978: આ કાયદા મુજબ અફીણના ગેરકાયદેસરના ઉત્પાદન, હેરાફેરી, અફીણ રાખવા પર, તેનો સંગ્રહ અને વિતરણ તથા વેચાણ પર અને તેને સંલગ્ન કાર્યવાહીના સંદર્ભમાં નિયંત્રણો અમલમાં મૂકવામાં આવ્યા હતા.
- 5.ધ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રાપિક સબસ્ટન્સીઝ એક 1986 : ના કાયે મુજબ નશીલાં દ્રવ્યોની કૃષિ પર પ્રતિબંધ મૂકવામાં રખાવ્યો છે. આ કાયદો કોઈ પણ નશીલાં દ્રવ્યોનાં ઉત્પાદન, વેચાણ ખરીદી, હેરાફેરી, સંગ્રહ, ઉપયોગ, આયાત, નિ કોસે વગેરે પર પ્રતિબંધ મૂકે છે. આ કાયદાનો ભંગ કરવા બદલ 10 વર્ષની સખત કેદની સજા અને જેને 20 વર્ષ સુધી પણ લંબાવી શકાય છે. આ કાયદાના ભંગ બદલ એક લાખ રૂપિયાના દંડની 26મને પણ બે લાખ રૂપિયાના દંડ સુધી વધારી શકાય છે.